**ગાંધીધામ મહાનગરપાલિકા**

**પ્લોટ નંબર. ૩૫, સેક્ટર – ૯, ગાંધીધામ – કચ્છ. પીન.૩૭૦૨૦૧**

**તા.૦૯/૦૯/૨૦૨૬**

## "અખબારી યાદી"

## માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના વરદ હસ્તે ગાંધીધામ મહાનગરપાલિકાના રૂ.૨૮૯ કરોડના વિવિધ વિકાસ કાર્યોનો ખાતમુર્હૂત સમારોહ

ગાંધીધામ મહાનગરપાલિકાને સરકારશ્રીની "મુખ્યમંત્રી ગ્રીન રિંગ રોડ યોજના તેમજ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" હેઠળ મળેલ ગ્રાન્ટ અને ગાંધીધામ ડેવલપમેન્ટ ઓથોરીટીના CSR ફંડમાંથી જુદા જુદા વિકાસ કાર્યો જેવા કે, ગ્રીન રિંગ રોડ, મેઘપર-બોરીચી-કુંભારડી વોટર સપ્લાય પ્રોજેક્ટ, મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, મદનસિંહ સર્કલ થી લુણંગદેવ રોડ તથા ડીસી-૫ થી કિડાણા રોડ સુધીના અંદાજીત રૂ.૨૮૯.૦૦ કરોડના વિકાસ કાર્યોના ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના વરદ હસ્તે આજરોજ વર્ચ્યુઅલ ખાતમુર્હૂત કરવામાં આવ્યુ. જે પ્રસંગે માન.મુખ્યમંત્રીશ્રી દવારા જણાવવામાં આવેલ કે શહેરના વિકાસ અને લોકોની સુખાકારી માટે રાજય સરકારશ્રી દવારા નવી બનેલ ગાંધીધામ મહાનગરપાલિકાને મહાનગરપાલિકા બન્યાના આજ દિન સુધી અંદાજે રૂ.૧૫૯૦.૦૦ કરોડ ના કામો મંજુર કર્યા છે. જે ગાંધીધામ નગરપાલિકા સમયે બજેટની સરખામણીએ રકમમાં માતબર રકમનો વધારો કરેલ છે. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દવારા ગઇ કાલે જ રૂ.૩૫૦૦૦.૦૦ કરોડના વિકાસ કામોની ભેટ ગુજરાતને આપેલ છે. ત્યારે આ શ્રાવણ મહિનો વિકાસનો ઉત્સવ બન્યો છે અને એ જ ઉત્સવને આગળ ધપાવવા ગાંધીધામ મહાનગરપાલિકાને રૂ.૨૮૯.૦૦ કરોડના કામો મળ્યા છે. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબએ "નાગરીક દેવો ભવઃ" નો મંત્ર આપ્યો છે, નાગરીકોની સુખાકરી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. વિકાસ કાર્યો માટે સરકાર પાસે પૈસાની કયારેય તંગી નથી. લોકોને કામો માંગવા આવુ પડતુ નથી. લોકોની જરૂરિયાત સમજીને સરકાર વિકાસના કામો આપે છે.

આજના આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રીમતિ માલતીબેન મહેશ્વરી, મહાનગરપાલિકાના મેયરશ્રી દિવ્યાબેન નાથાણી, ડેપ્યુટી મેયરશ્રી નવીનભાઇ જરૂ, કચ્છ-કલેકટરશ્રી અનીલ રાણાવસીયા, ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશનરશ્રી બી.ડી. ડાવેરા, કચ્છ-જીલ્લા ભારતીય જનતા પાર્ટી પ્રમુખશ્રી દેવજીભાઇ વરચંદ, કચ્છ-જીલ્લા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રીશ્રી ધવલભાઇ આચાર્ય, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી તેજશભાઇ શેઠ, દંડકશ્રી સુરશભાઇ ધુઆ, માજી ધારાસભ્યશ્રી રમેશભાઇ મહેશ્વરી, ગાંધીધામ શહેર ભાજપ પ્રમુખશ્રી કલ્પેશભાઇ પટેલ, ગાંધીધામ તાલુકા ભારતીય જનતા પાર્ટી પ્રમુખશ્રી દેવેન્દ્રસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. જે પ્રસંગે માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા આવનારા દિવસોમાં નગરજનોને વધુ માં વધુ સારી સુવિધાઓ પ્રાપ્ત થાય તે ઉપરાંત નવા પ્રોજેક્ટો પણ હાથ ધરવામાં આવશે. આમ, ઉપરોક્ત થનાર તમામ કામોમાં લોકો દ્વારા પુરતો સાથ સહકાર આપવામાં આવે તેવું મહાનગરપાલિકાની અખબારયાદીમાં જણાવવામાં આવે છે.

જનસંપર્ક અધિકારી